વિષય :– સુરત મહાનગરપાલિકા ધ્વારા સંચાલિત સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે EPSON LCD PROJECTOR ખરીદવા બાબત.

સુરત મહાનગરપાલિકા સંચાલિત સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ (સ્મીમેર) ખાતે જુદા–જુદા વિભાગોમાં EPSON LCD PROJECTOR નંગ–૦૩ ખરીદવાનાં કામે નીચે સહી કરનાર સમક્ષ તા.૧૭/૦૬/૨૦૨૩ નાં રોજ સાંજે ૬:૦૦ સુધીમાં બંધ કવરમાં ભાવપત્રકો મોકલવાનાં રહેશે. ઉકત કામની શરતો અને બોલીઓ નીચે મુજબ છે.

## <u>પત્રક–અ</u>

| નં. | ઈન્સ્ટ્રુમેન્ટસ/સાધનની વિગત | યુનિટ રેટ (GST સિવાય) | GST દર | કુલ | નંગ | કુલ રકમ |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 (3+4) | 6 | 7 (5*6) |
| ૧ | LCD PROJECTOR EPSON MAKE PROJECTOR MODEL EB-E01 | | | | 3 | |

## <u>: SPECIFICATIONS OF EQUIPMENTS :</u>

**<u>Specifications :</u>**

| | |
|---|---|
| 1. | LCD Display |
| 2. | Colour Display |
| 3. | HDMI Connectivity |
| 4. | USB Connectivity |
| 5. | WARRANTY: WARRANTY MUST BE 3(THREE) YEAR |

## <u>ભાવપત્રકની શરતો અને બોલીઓ</u>

| | |
|---|---|
| ૧. | સદર આઈટમનો ડેમો મંગાવવામાં આવે, ત્યારે વિનામૂલ્યે ટ્રાન્સપોર્ટેશન સહિત ડેમો આપવાનો રહેશે. |
| ૨. | ઈજારદારે **(૧) વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન અને (૨) જી.એસ.ટી. સર્ટીફીકેટની સ્વપ્રમાણિત કરેલ હાર્ડકોપી તેમજ (૩) સદરહું ભાવપત્રકની મૂળ/નકલ સહી–સિકકા સહિત બંધ કવરમાં અચૂક રજૂ કરવાનાં રહેશે** અને કવર ઉપર કામનું વર્ણન, રેફરન્સ નંબર તેમજ ભાવપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખનો ઉલ્લેખ કરી સ્મીમેર, સુરતને નિર્ધારીત તારીખ સુધીમાં મોકલી આપવાનું રહેશે. ત્યારબાદ મળેલ ભાવપત્રક/ઓફર સ્વીકારવામાં આવશે નહી. તે અંગેનો અબાધિત હકક સ્મીમેર મેડીકલ કોલેજને જ રહેશે. |
| ૩. | ઈજારદારે જણાવેલ ભાવ ઓછામાં ઓછા ૧૨૦ દિવસની વેલીડીટી માટે આપવાના રહેશે. જે માન્ય ગણવામાં આવશે. |
| ૪. | ઈજારદારે જણાવેલ ભાવો તમામ વેરા–ડયુટી, સ્થાનિક વેરા, ટ્રાન્સર્પોટેશન, સર્વિસ ચાર્જ વિગેરેનો સમાવેશ કરી રજુ કરવાના રહેશે. GST ના દરમાં જે કોઈ વધારો/ઘટાડો સરકારશ્રી ધ્વારા કરવામાં આવશે તે પ્રમાણે વધારો/ઘટાડો કરવા સુ.મ.પા. તથા ઈજારદારને બંધનકર્તા રહેશે. |
| ૫. | સુ.મ.પા. જરૂર જણાયે શરતોમાં ફેરફાર કરી શકશે જે ઈજારદારને બંધન કર્તા રહેશે. |
| ૬. | સફળ ઈજારદાર તરફથી કવોટેશનમાં દર્શાવવામાં આવેલ જે ઠેકાણા (સરનામા) જણાવવામાં આવેલા છે તે ખરા છે અને તે ઠેકાણામાં કોઈપણ ફેરફાર થાય તો તેની સ્મીમેર મેડીકલ કોલેજને સફળ ઈજારદારે તાત્કાલિક લેખિત જાણ કરવાની રહેશે. સફળ ઈજારદારે જણાવેલા તેમના ઠેકાણા ઉપર જે કઈ પત્ર વ્યવહાર કરે તે કોઈપણ કારણસર પાછો આવે તો પણ તે તેને પહોચેલો ગણાશે. |
| ૭. | સફળ ઈજારદારને કામની સોંપણી થયેથી દિન–૧૫ માં કુલ મંજુર રકમના ૫% પ્રમાણે સીકયોરીટી ડીપોઝીટની રકમ રોકડા/ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર Commissioner, SMC ના નામનો આ સાથે સામેલ પરિપત્રમાં જણાવેલ બેંકનો જમા કરવાના રહેશે.નિયત સમયમર્યાદામાં સીકયોરીટી ડિપોઝીટની રકમ ભરપાઈ કરવામાં આવશે નહી તો ૦.૦૬૫% પ્રમાણે પ્રતિ દિવસ માટે ડીલે પેનલ્ટી વસુલ કરવામાં આવશે. |

| | |
|---|---|
| ૮. | સફળ ઈજારદારને કામની સોંપણી થયેથી દિન–૧૫ માં સુ.મ.પા. ધ્વારા નિયત કરેલ ફોર્મેટમાં રૂા.૩૦૦/– અને રૂા.૩૦૦/– ની કિંમતના ગુજરાત રાજયનાં નોન જયુડીશીયલ સ્ટેમ્પ/ફ્રેન્કીગ/ઈ–સ્ટેમ્પીગ પેપર ઉપર અનુક્રમે કરારનામું અને અન્ડરટેકીગ પોતાના ખર્ચે કરવાનું રહેશે. |
| ૯. | સુરત મહાનગરપાલિકા દ્વારા એકવાર મંજુર થયેલ ભાવો બાબતે ઈજારો મંજુર કર્યા બાદ પાછળથી કોઈપણ જાતના ભાવમાં ફેરફારની માંગણી માન્ય રાખવામાં આવશે નહી. |
| ૧૦. | સફળ ઈજારદારને વર્કઓર્ડર મળ્યેથી દિન–૩૦ માં સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે ઓફિસ કામકાજના સમય દરમ્યાન સપ્લાય અને ઈન્સ્ટોલેશન કરવાના રહેશે.નિયત સમયમર્યાદામાં સપ્લાય અને ઈન્સ્ટોલેશન ન થયેથી પ્રતિદિન ૦.૨% પેનલ્ટી, વધુમાં વધુ ૧૦% પેનલ્ટી બીલની રકમમાંથી કાપી લેવામાં આવશે. |
| ૧૧. | શરતી ભાવપત્રકો રદ થવાને પાત્ર રહેશે. |
| ૧૨. | ઉકત ઈજારા અંગે કોઈ તર–તકરાર ચલાવવા દેવામાં આવશે નહી તેમ થતા તમામ વિવાદ સુરત કોર્ટની હકુમતને આધિન રહેશે. |
| ૧૩. | કવોટેશનની વિગત અંગે વધુ માહિતી સ્મીમેર મેડીકલ કોલેજ, "ડી" બ્લોક, સહારા દરવાજા, ઉમરવાડા, સુરત–૩૯૫૦૧૦ પાસેથી કામકાજના દિવસ દરમ્યાન મળી શકશે. |
| ૧૪. | કામ અંગેના તકરારી મુદદામાં મ્યુ.કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. |
| ૧૫. | કવોટેશન સ્વીકારવાની આખરી તારીખના કામકાજના બીજા દિવસે અનુકુળતા હશે તો અથવા અન્ય અનુકુળ દિવસે / સમયે કવોટેશનો ખોલવામાં આવશે. |
| ૧૬. | કોઈ પણ ભાવો કે તેના સાધનો માટેના ભાવો સ્વીકારવાના અથવા તમામ ભાવ દફતરે કરવાનો અબાધિત અધિકાર સુરત મહાનગરપાલિકાને રહેશે તથા તે માટે કોઈપણ કારણો આપવામાં આવશે નહી. |
| ૧૭. | તમામ વિવાદ સુરત કોર્ટની હકુમતને આધિન રહેશે. |

(સહી)
ડીન
સ્મીમેર મેડીકલ કોલેજ

ઉપર જણાવ્યા મુજબની તમામ શરતો મેં વાંચી છે. સમજી છે.
જે તમામ મને બંધનકર્તા છે અને રહેશે.
ઈજારદારની સહી :
તારીખ :
સ્થળ :